દરિયા કિનારાની સુરક્ષા માટે રોકવામાં આવતા કર્મચારીઓ માટે બેક અપ સપોર્ટ.

વર્ષ ૨૦૧૧-૧૨ માટેની મંજૂરી (આયોજન જોગવાઇ)

**ગુજરાત સરકાર**

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: બજટ/૧૦૨૦૦૮/૨૧૫૦/વિ.૫

સચિવાલય, ગાંધીનગર.

તા. ૭/૭/૨૦૧૧

**વંચાણમાં લીધા:-**

૧. પોલીસ મહાનિદેશકની કચેરીનો પત્ર ક્ર:સી-૧/૨૬૨/૨૦૧૧-૧૨-૭૨૧, તા.૧.૧૧.૨૦૧૦.

૨. વર્ષ ૨૦૧૧-૧૨ નું અંદાજપત્ર પ્રકાશન નં ૧૨, પાના નં.૭૧.

**આમુખ:-**

૨/-. દરિયાઇ સરહદ ઉપરની સુરક્ષાની કામગીરી માટે સંયુક્ત દરિયાઇ પેટ્રોલિંગ યોજના હેઠળ દરિયામાં પટ્રોલિંગ માટે જતા પોલીસ જવાનોને બેક-અપ સપોર્ટ તરીકે ચુકવવામાં આવતી રકમ તેમજ પટ્રોલિંગ માટે ભાડે રાખવાની થતી બોટના ખર્ચ માટે વર્ષ ૨૦૧૧-૧૨ના અંદાજપત્રમાં ૧૦૦% કેન્દ્ર પુરસ્કૃત યોજના-આયોજન તરીકેની "ચાલુ બાબત" ના રૂ.૬૬,૫૦,૦૦૦/-(અંકે રૂપિયા છાસઠ લાખ પચાસ હજાર પુરા) નો સમાવેશ કરવા સંદર્ભ-(૧)આગળના પત્રથી મળેલ દરખાસ્તને રાજ્ય સરકારની વિચારણામાં લેવામાં આવેલ હતી.

**ઠરાવ:-**

૩/-. ક્રમાંક:(૧) આગળની દરખાસ્ત પરત્વે કાળજી પૂર્વકની વિચારણાના અંતે આ બાબતનો વર્ષ ૨૦૧૧-૧૨ના અંદાજપત્રમાં "ચાલુ બાબત, આયોજન જોગવાઇ" તરીકે સમાવેશ કરવામાં આવેલ છે અને તે અન્વયે રૂ.૬૬,૫૦,૦૦૦/-(અંકે રૂપિયા છાસઠ લાખ પચાસ હજાર પુરા)નું ખર્ચ કરવા માટે નીચે જણાવ્યા મુજબની શરતોને આધીન આથી, મંજૂરી આપવામાં આવે છે:-

(i) આ અંગેનો ખર્ચ વર્ષ ૨૦૧૧-૧૨ની બજેટ જોગવાઇને આધીન રહી, ગૃહ વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં તેમજ તા.૧/૪/૨૦૧૧ પછી કરવાનો રહેશે.

(ii) આ ગ્રાન્ટ નો ઉપયોગ/ખર્ચ થયા બાદ "ખર્ચ ઉપયોગિતા પ્રમાણપત્ર ( Utilization Certificate) " નિયત પ્રફોર્મામાં ગૃહ વિભાગને તથા એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી, રાજકોટ ને મોકલી આપવાનું રહેશે.

(iii) આ ખર્ચ નાણાવિભાગે નિયત કરેલ પધ્ધતિ અનુસાર તેમજ જે હેતુ માટે ફાળવવામાં આવે છે તે હેતુ માટે જ કરવાનો રહેશે.

..૨

૪/-. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક-૪૩, મુખ્ય સદર ૨૦૫૫-પોલીસ, પેટા મુખ્ય સદર-00,ગૌણ સદર-૮૦૦, પેટા સદર-03 દરિયા કિનારાની સુરક્ષા માટે રોકવામાં આવતા કર્મચારીઓ માટે બેકઅપ સપોર્ટ(આયોજન), સ્કીમ નંબર એમઈપી-૩૭ (પ્લાન કોડ નં. ૩૧૪૫૩૭) આયોજન હેઠળ ચાલુ વર્ષની મંજૂર રહેલ ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે.

૫/-. આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં સલાહકારશ્રીની તા.૨૮/૪/૨૦૧૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આ હુકમો રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(એન. ડી. નિસરતા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

**પ્રતિ,**

- માન. મુખ્યમંત્રી શ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રી શ્રી(નાંણા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજ્ય કક્ષા ના મંત્રી શ્રી(ગૃહ)ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર.
- પોલીસ મહા નિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી શ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- અધિક પોલીસ મહા નિર્દેશક શ્રી(ઈન્ટે), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નાણા સલાહકાર શ્રી(ગૃહ), સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવ શ્રી(ગૃહ) ના અંગત સચિવ શ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ શ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
- નાણા વિભાગ/ઝ-૧ શાખા, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારી શ્રી, બજેટ શાખા,ગૃહ વિભાગ , સચિવાલય, ગાંધીનગર.
- શાખા સિલેક્ટ ફાઈલ / નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઈલ
- સેકશન અધિકારી શ્રી, આઈ-ટી સેલ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

... વેબસાઈટ પર મૂકવાની વિનંતી સાથે.